# જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી,સુરત.

બ્લોક-એ,ત્રીજો માળ, જિલ્લા સેવા સદન-૨ અઠવાલાઈન્સ સુરત. - ૩૯૫૦૦૧

:- ૦૨૬૧-૨૬૬૨૯૦૨ suratdeo@gmail.com

web :- www.suratdeo.org

જા.નં/મા-૨/૨૦૨૫/11910 તા.06 /૧૦/૨૦૨૫

પ્રતિ,
આચાર્યશ્રી
સુરત જિલ્લાની તમામ પ્રાથમિક શાળાઓ તરફ

વિષય :-પ્રિ-સ્કુલ અને ફાઉન્ડેશનલ સ્ટેજના ઇન સર્વિસ શિક્ષકોની સર્ટીફીકેટ કોર્ષ અંતર્ગત તાલીમ માટેનાં સેમીનારના આયોજન બાબત.
સંદર્ભ :-રજીસ્ટાર ચિલ્ડ્રનસ રીસર્ચ યુનિવર્સીટી ગાંધીનગરના તા.૦૪-૧૦-૨૦૨૫ નો પત્ર

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, સુરત જિલ્લામાં પ્રથમવાર પ્રિ-સ્કુલ અને ફાઉન્ડેશનલ સ્ટેજના ઇન સર્વિસ (જુનિયર,સીનીયર અને બાલવાટિકા) શિક્ષકોની સર્ટીફીકેટ કોર્ષ અંતર્ગત તાલીમ માટેના સેમિનારનું આયોજન નીચે દર્શાવેલ સ્થળ તારીખ અને સમયે કરવામાં આવેલ છે, આ સેમીનારમા શ્રી ટી.એસ.જોષી સાહેબ-વાઈસ ચાન્સેલર, ચિલ્ડ્રન યુનીવર્સીટી ગાંધીનગર તથા તેમના રજીસ્ટારશ્રી અને દક્ષિણામૂર્તિ બાળ કેળવણી રિસોર્સ સેન્ટર,ભાવનગરનાં ટ્રસ્ટીશ્રી, આચાર્યશ્રી અને અધ્યાપકશ્રી આ સેમિનારમાં ઉપસ્થિત રહી માર્ગદર્શન આપનાર છે. ઉપરોક્ત સર્ટીફીકેટ કોર્ષ અંતર્ગત તાલીમનાં રજીસ્ટ્રેશન કરવા માટે નીચે દર્શાવેલ QR કોર્ડ અથવા આપેલ લિન્કમાં ઉપસ્થિત રહેનાર સંચાલકશ્રી,શિક્ષકોની માહિતી ભરવાની રહેશે.જે સંચાલકો કે શિક્ષકો QR કોર્ડ અથવા આપેલ લિન્કમાં આ માહિતી ભરશે નહિ તો તેઓ આ તાલીમમાં ભાગ લઈ શકશે નહિ.

**મીટીંગનું સ્થળ :-આર.ડી.ઘાએલ જીવનભારતી માધ્યમિક શાળા,રંગભવન હોલ, નાનપુરા,સુરત**

**તારીખ :- ૧૧-૧૦-૨૦૨૫ (શનિવાર)**

**સમય :- સવારે ૯-૦૦ થી ૧૨-૦૦**

જિલ્લા શિક્ષણાધિકારી
સુરત,જિલ્લો-સુરત

https://docs.google.com/spreadsheets/d/1cbT1QWfcJXp893ACuuX75XntQApMxB728AEi6JHmQt0/edit?usp=sharing

Children's
RESEARCH UNIVERSITY

તા: ૦૪/૧૦/૨૦૨૫

પ્રતિ,

જીલ્લા શિક્ષણાધિકારીશ્રી,

સુરત

**વિષય : પ્રિ-સ્કુલ અને ફાઉન્ડેશનલ સ્ટેજના ઇન સર્વિસ શિક્ષકોની તાલીમ યોજવા બાબત**

ગુજરાત સરકારનાં તત્કાલીન મુખ્યમંત્રીશ્રી અને હાલના ભારતના યશસ્વી પ્રધાનમંત્રી આદરણીયશ્રી નરેન્દ્રભાઈ મોદીના સ્વપ્નબીજનાં પરિપાકરૂપે વર્ષ 2009માં ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટીની સ્થાપના ગાંધીનગર ખાતે કરવામાં આવી છે. શ્રી ગિજુભાઈ બધેકાએ પણ બાળકો માટેની યુનિવર્સિટીની કલ્પના કરી હતી જે સાકાર થઈ. આ યુનિવર્સિટી બાળકો માટે કામ કરતી વિશ્વની એકમાત્ર અનન્ય યુનિવર્સિટી છે જેમાં બાળવિકાસ અને બાળઘડતરના સંશોધન, શિક્ષણ, પ્રશિક્ષણ અને વિસ્તરણને અગ્રતા આપવામાં આવે છે.

રાષ્ટ્રીય શિક્ષણનીતિ–2020માં પણ પાયાના તબક્કાના શિક્ષણને વધુ મહત્ત્વનું ગણવામાં આવ્યું છે. શ્રી દક્ષિણામૂર્તિ વિદ્યાર્થી ભવન સંચાલિત શ્રી દક્ષિણામૂર્તિ બાલમંદિર 105 વર્ષનો ભવ્ય ઇતિહાસ ધરાવે છે. બાળ કેળવણીની અમૂલ્ય વિરાસત ધરાવતી શ્રી દક્ષિણામૂર્તિ સંસ્થા પાસે 100 વર્ષથી કાર્યરત દક્ષિણામૂર્તિ બાલ અધ્યાપન મંદિરનો વિશિષ્ટ અનુભવ છે અને ભારતનું શ્રેષ્ઠ બાલમંદિર પણ છે ત્યારે ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટી સાથે મળીને પ્રશિક્ષણનું કાર્ય એ સોનામાં સુગંધનું કાર્ય કરશે. અમે પ્રિ–સ્કૂલ તથા ફાઉન્ડેશનલ સ્ટેજના શિક્ષકોને નવી ઊર્જા અને નવી શક્તિના સંચાર માટે પ્રતિબદ્ધ છીએ.

આપના જિલ્લાની બહોળી સંખ્યા ધરાવતી ફાઉન્ડેશનલ સ્ટેજની શાળાઓનાં શિક્ષકો તથા બાળ ઘડતરમાં રસ ધરાવતા વ્યક્તિઓ માટે આ પ્રશિક્ષણ કાર્યક્રમ શરુ થાય તે આવકાર્ય છે. આ હેતુ માટે જિલ્લા કક્ષાએ સંચાલકો અને શિક્ષકો માટે એક અભિમુખતા કાર્યક્રમનું આયોજન થાય તો આ કાર્યને વેગ મળી શકે. આ દિશામાં કાર્ય શરૂ થાય તે માટે યોગ્ય કરવા વિનંતિ છે.

આભાર સહ..

રજીસ્ટ્રાર
ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટી
ગાંધીનગર

ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટી ગાંધીનગર

અને

શ્રી દક્ષિણામૂર્તિ વિદ્યાર્થી ભવન ભાવનગરના સંયુક્ત ઉપક્રમે

# શ્રી દક્ષિણામૂર્તિ બાળ કેળવણી રિસોર્સ સેન્ટર

ગુજરાત સરકારનાં તત્કાલીન મુખ્યમંત્રીશ્રી અને હાલના ભારતના યશસ્વી પ્રધાનમંત્રી આદરણીયશ્રી નરેન્દ્રભાઈ મોદીના સ્વપ્નબીજનાં પરિપાકરૂપે વર્ષ 2009માં ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટીની સ્થાપના ગાંધીનગર ખાતે કરવામાં આવી છે. શ્રી ગિજુભાઈ બધેકાએ પણ બાળકો માટેની યુનિવર્સિટીની કલ્પના કરી હતી જે સાકાર થઈ. આ યુનિવર્સિટી બાળકો માટે કામ કરતી વિશ્વની એકમાત્ર અનન્ય યુનિવર્સિટી છે જેમાં બાળવિકાસ અને બાળઘડતરના સંશોધન, શિક્ષણ, પ્રશિક્ષણ અને વિસ્તરણને અગ્રતા આપવામાં આવે છે. માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીનું સ્વપ્ન છે કે, "બાળકનો ઉછેર એવી હૂંફ અને સંભાળથી થવો જોઈએ કે જેથી તે શારીરિક, માનસિક, બૌદ્ધિક, ભાવનાત્મક અને આધ્યાત્મિક રીતે સ્વસ્થ માનવ તરીકે વિકસે અને તેને આત્મસાક્ષાત્કારના અવસર મળી રહે." રાષ્ટ્રીય શિક્ષણનીતિ-2020માં પણ પાયાના તબક્કાના શિક્ષણને વધુ મહત્ત્વનું ગણવામાં આવ્યું છે.

શ્રી દક્ષિણામૂર્તિ વિદ્યાર્થી ભવન સંચાલિત શ્રી દક્ષિણામૂર્તિ બાલમંદિર 105 વર્ષનો ભવ્ય ઇતિહાસ ધરાવે છે. બાળ કેળવણીની અમૂલ્ય વિરાસત ધરાવતી શ્રી દક્ષિણામૂર્તિ સંસ્થા પાસે 100 વર્ષથી કાર્યરત દક્ષિણામૂર્તિ બાલ અધ્યાપન મંદિરનો વિશિષ્ટ અનુભવ છે અને ભારતનું શ્રેષ્ઠ બાલમંદિર પણ છે ત્યારે ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટી સાથે મળીને પ્રશિક્ષણનું કાર્ય એ સોનામાં સુગંધનું કાર્ય કરશે. અમે પ્રી-સ્કૂલ તથા ફાઉન્ડેશનલ સ્ટેજના શિક્ષકોને નવી ઉર્જા અને નવી શક્તિના સંચાર માટે પ્રતિબદ્ધ છીએ.

## શ્રી દક્ષિણામૂર્તિ બાળ કેળવણી રિસોર્સ સેન્ટરના હેતુઓ

- સમાજને ઉત્તમ બાળ શિક્ષકો મળી રહે
- ઇન સર્વિસ શિક્ષકો તાલીમ દ્વારા વધારે સર્જ બને
- સમાજના પ્રતિનિધિઓને પૂર્વ પ્રાથમિક શિક્ષણની સંસ્થાઓ શરૂ કરવા માટે માર્ગદર્શન મળી રહે વાલી પ્રશિક્ષણનું મહત્વનું કામ થઈ શકે

## શ્રી દક્ષિણામૂર્તિ બાળ કેળવણી રિસોર્ટ સેન્ટરમાં કોણ જોડાઈ શકે ?

- હાલ કાર્યરત બાળ શિક્ષકો
- ભવિષ્યમાં જે બાળ શિક્ષક થવાય છે તે
- ભવિષ્યમાં જેમને બાળ શિક્ષણની સંસ્થા શરૂ કરવી છે તેવા સંચાલકો
- બાળ શિક્ષણમાં શ્રદ્ધા ધરાવનાર સૌ કોઈ

**અભ્યાસક્રમ ત્રણ અને છ દિવસની તાલીમ માટે**

- શ્રી ગિજુભાઈ બધેકાની બાળ શિક્ષણ પદ્ધતિ
- મેડમ મોન્ટેસરીના શૈક્ષણિક સાધનોની ભારતીય પરિપ્રેક્ષ્યમાં શાસ્ત્રીય સમાજ
- જીવન વ્યવહારની પ્રવૃત્તિઓ
- મુક્ત વ્યવસાયની પ્રવૃત્તિઓ
- માનસિક સામાજિક અને ભાષા વિકાસની શાસ્ત્રીય સમાજ
- શ્રી દક્ષિણામૂર્તિની વિશિષ્ટ પ્રવૃત્તિઓ જેવી કે આયોજન પાઠ, નીદર્શન પાઠ, રાત્રી રોકાણ, પ્રવાસ, પર્યટન, પરિચય વગેરે
- બાળકના ઉછેર માટે જરૂરી પંચપોષીય વિકાસ
- બાળ કક્ષાના વૈજ્ઞાનિક પ્રયોગો
- સંગીત, બાળ રમતો, બાળવાર્તા, સર્જનાત્મક પ્રવૃત્તિઓ,બાળમાનસ શાસ્ત્ર, બાળ આરોગ્યશાસ્ત્ર

**સંપર્ક**


શ્રી દક્ષિણામૂર્તિ વિદ્યાર્થી ભવન,
ગિજુભાઈ બધેકા માર્ગ, ભાવનગર
મો : 98 25 34 51 58

ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટી,
સેક્ટર– ૨૯, ગાંધીનગર
મો : 94 29 29 77 37